| PUBLICATION NAME : | Prabhat |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 11/06/2023 |
| PAGE : | 3 |

# EDII તથા DICCI NextGen દ્વારા સંયુક્તપણે નેશનલ કોક્લેવ ઑન એમ્પાવરિંગ યૂથ યોજાઈ

ભારતની જી-૨૦ પ્રેસિડેન્સીમાં યુવાનોને સામેલ કરવા તથા તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવા આંત્રપ્રેન્યૉરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા(EDII), અમદાવાદ તથા દલિત ઈન્ડિયન ચૅમ્બર ઑફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી(DICCI)દ્વારા 'એમ્પાવરિંગ યૂથઃ ફોસ્ટરિંગ ઈક્લુઝન એન્ડ ડાયવર્સિટી' વિષય પર રાષ્ટ્રીય કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું. કોક્લેવને SIDBI પણ સહયોગ મળ્યો હતો અને તેનું આયોજન યુવાનોને એમ્પાવર કરવા, તેમને અર્થસભર ચર્ચા માટે મંચ પૂરો પાડવા, નોલેજ શૅરિંગ માટે તથા ડાયવર્સિટી અને ઈક્લુઝન મજબૂત બનાવવા કરવામાં આવ્યું હતું.

કોક્લેવના ઉદઘાટન સમારંભમાં DICCI ના સ્થાપક ચેરમેન તથા EDII ના બોર્ડ મેમ્બર ડૉ. મિલિન્દ કામ્બલે, યૂથ ૨૦, કન્વીનર સેક્રેટરિએટ શ્રી અજય કશ્યપ, SIDBI ના જનરલ મેનેજર શ્રી સંજય ગુપ્તા, DICCI નેક્સ્ટજનના રાષ્ટ્રીય કન્વીનર સુશ્રી મૈત્રેયી કામ્બલે તથા EDII ના ડિરેક્ટર જનરલ ડૉ. સુનિલ શુક્લ ઉપસ્થિત રહ્યાં હતાં.

કોક્લેવનો મુખ્ય એજન્ડા સમાજમાં ડાયવર્સિટી અને ઈક્લુઝન હાંસલ કરવામાં આવતા પડકારો અને અવરોધોને ઓળખવા તથા સર્વસમાવેશને પ્રોત્સાહિત કરે તેવી નીતિઓ, પગલાં તથા પ્રક્રિયાની ચર્ચા કરવાનો હતો. વિવિધ સ્તરે ડાયવર્સિટી અને ઈક્લુઝનને પ્રોત્સાહિત કરવા માટેના નૂતન ઉપાયો વિશે પણ કોક્લેવમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઈવેન્ટના ભાગરૂપે વિવિધ ટેકનિકલ સેશનનું પણ આયોજન થયું હતું. વિવિધ સેશનમાં ચોથી ઔદ્યોગિક ક્રાંતિના સંદર્ભમાં ભાવિ કામગીરી, સર્વસમાવેશી પ્રેક્ટિસ હાંસલ કરવા માટેના ઉપાય તથા લાંબાગાળાની સ્થિરતા માટે સહયોગના મહત્ત્વ અને ઈક્લુઝિવ નીતિઓ – વગેરે પર ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે ડૉ. મિલિન્દ કામ્બલેએ કહ્યું હતું કે, "જી-૨૦માં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. ભારત અન્ય દેશોથી આગળ છે. અને આ યોગ્ય સમય છે જ્યારે યુવાનો નોંધપાત્ર ભૂમિકા ભજવવાની છે અને મોટી જવાબદારી ઉપાડવાની છે. તેમણે વિચારો, યાજનાઓ તથા વ્યૂહરચના રજૂ કરવી જોઈએ જેથી લાભદાયક માળખું અને વ્યવસ્થા તૈયાર કરવામાં મદદ મળે. દેશના વસ્તીલક્ષી વૈવિધ્યને વાસ્તવમાં વાય-૨૦ દ્વારા પોતાને વધુ તેજસ્વી બનાવવા અને પ્રગતિનું નેતૃત્વ કરવાની તક આપે છે. સામાજિક અને આર્થિક ઈક્લુઝન એ એવું પ્રગતિશીલ પગલું છે જેનો ભારતે વ્યાપક ઉપયોગ કર્યો છે. યુવાનોને આગળ આવીને આ શ્રેષ્ઠ સમયનો લાભ લેવા વિનંતી કરું છું."

આર્થિક વિકાસમાં MSME ના મહત્ત્વ અને યુવાનોની ભૂમિકા વિશે વાત કરતા શ્રી સંજય ગુપ્તાએ કહ્યું હતું કે, "યુવાનોને સારી રીતે રોજગાર મળે તે સુનિશ્ચિત કરવાની આજની જરૂરિયાત છે. તેથી સ્વાવલંબન અસરકારક વિકલ્પ બની રહે છે. યુવાનો તેમના પોતાના વ્યવસાય સ્થાપિત કરે તે માટે તેમને માર્ગદર્શન આપવું પડશે. કોઈપણ દેશની પ્રગતિમાં MSME ની ભૂમિકા સર્વોચ્ચ છે. દેશનું ભવિષ્ય બદલવાની ક્ષમતા યુવાનો પાસે છે. તેમને કુશળ બનાવવાની જરૂર છે જેથી તેઓ દેશની પ્રગતિમાં ભાગીદાર બને."

એકત્રિત સમૂહને સંબોધતા શ્રી અજય કશ્યપે કહ્યું હતું કે, "ભારતને જી-૨૦ પ્રેસિડેન્સી મળી તે દેશ માટે સીમાચિહ્ન છે. આ સાથે ભારત માટે ઐતિહાસિક જવાબદારી આવી છે. ભારત એક સુપર પાવર તરીકે ભવિષ્ય તરફ આગળ વધી રહ્યો છે.